# ખેરાલુ તાલુકા ઉત્તર વિભાગ કેળવણી મંડળ સંચાલિત

# ધી કે એન એસ બી એલ આર્ટ્સ અને કોમર્સ કોલેજ ખેરાલુ

## સિનિયર ક્લાર્ક અને હેડ ક્લાર્ક ઓપન કેટેગરી બંનેની 1-1 જગ્યાની ભરતીની તમામ પ્રક્રિયા રદ કરવા અંગે

તા. 16/03/2026ના રોજ ખેરાલુ તાલુકા ઉત્તર વિભાગ કેળવણી મંડળની કારોબારી સભામાં ઠરાવ્યા મુજબ સિનિયર ક્લાર્ક અને હેડ ક્લાર્કની ભાગ 2ની મુખ્ય પરીક્ષાનું પરિણામ જાહેર કર્યા બાદ ફરીયાદ આવી કે કેટલાક ઉમેદવારોને પરીક્ષા દરમ્યાન પરીક્ષાખંડ માથી વોશરૂમ જવા માટે બહાર ગયા તેની લૉગબુક નિભાવવામાં આવેલ નથી તથા તેમની સાથે કોલેજનો કોઈ પટાવાળો ગયેલ નથી તે ટેકનીકલ ભૂલ ધ્યાને આવેલ છે. તથા ભરતી પ્રક્રિયાની સૂચનાઓમા સાત ગણા ઉમેદવારો બોલાવવામાં આવશે તેની જગ્યાએ પ્રથમ સાત ઉમેદવારોને બોલાવવામાં આવશે તેવી પણ ટેકનીકલ ભૂલ તથા પ્રથમ પ્રાથમિક MCQ પરીક્ષામાં બે ઉમેદવારોની OMR શીટમાં તેઓની પેપર સીરિઝ લખેલ ન હતી છતાં પણ તેઓની OMR શીટ રદ ન કરીને તેઓનું પ્રથમ પરીક્ષાનું પરીણામ તેઓના બેઠક ક્રમાંક આધારે ફાળવેલ સીરિઝ મુજબ જાહેર કરેલ હતું તે પણ ટેકનીકલ ભૂલ સામે આવેલ છે. આ અંગે ઉમેદવારોની ફરિયાદો મળતા કેળવણી મંડળ સદર ભરતી અંગે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવેલ હોવાથી, આજની મિટિંગમાં ચર્ચા વિચારણા કરતાં આ ટેકનીકલ ભૂલ રહી જવા પામેલ છે અને ભરતી માટે અરજી કરનાર કોઈપણ ઉમેદવારને અન્યાય ના થાય અને સમગ્ર ભરતી પ્રક્રિયા પારદર્શક અને ચોકસાઇપૂર્વક થાય તે હેતુથી સિનિયર ક્લાર્ક અને હેડ ક્લાર્કની ભરતીની સમગ્ર પ્રક્રિયા રદ કરવા અને સદર ભરતીની સમગ્ર પ્રક્રિયા પુન: કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

તા. 25/03/2026
સ્થળ: ખેરાલુ

ભરતી સમિતિ વતી

પ્રિન્સીપાલ
ધી કે.એન.એસ.બી.એલ. આર્ટસ એન્ડ
કોમર્સ કોલેજ, ખેરાલુ.